# સે-૩ અને ૮ માં સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતા સાંજ ઢળતા જ અંધારપટ્ટ

## સેકટરમાં છેલ્લા ૧૫ દિવસથી અંધારાનુ સામ્રાજય : નાગરિકોમાં ભયનો માહોલ

ગાંધીનગર તા ૨૫

શહેરમાં વરસાદી વાતાવરણ વચ્ચે સેકટરોમાં એક સાંધો ત્યાં તેર તુટે તેવી સ્થિતિ છે. એકબાજુ લાઈનના ખોદકામના લીધે ઠેર ઠેર મોટા ગાબડા જોવા મળી રહ્યા છે. બીજીતરફ અનેક દુવિધાઓ વચ્ચે સકટરોમાં અજવાળુ પાથરતી સ્ટ્રીટ લાઈટો પણ છેલ્લા ૧૫ દિવસથી ડુલ છે. સે-૩ ના રીંગ રોડ પર લાંબા સમયથી લાઈટો ડુલ હોવાથી નાગરિકો પરશાન છે. જયારે સે-૮ માં પણ છેલ્લા ચાર દિવસથી સ્ટ્રીટ લાઈટો ડુલ છે. જેના લીધે સાંજ ઢળતા જ સેકટરોમાં અંધારપટ્ટ છવાઈ જાય છે. સ્થાનિકોને તસ્કરોનો ભય પણ સતાવી રહ્યો છે.

શહેરમાં વરસાદી દિવસોમાં સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતા નાગરિકોને હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. સાંજ ઢળતા જ સેકટરોમાં અંધારપટ્ટ છવાઈ જાય છે. જયારે એકબાજુ વરસાદી નિકાલની લાઈનનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે ત્યારે સ્ટ્રીટ લાઈટો બંધ રહેતી હોવાની ફરિયાદો પણ વધી છે. નગરના સે-૩ માં પણ આવી જ સ્થિતિ છે. વરસાદી પાણીના નિકાલની લાઈન માટે ઠેર ઠેર ખોદકામ કરવામાં આવ્યુ છે જેના લીધે સકટરોના રીંગ રોડ પર છેલ્લા ૧૫ દિવસથી સ્ટ્રીટ લાઈટો બંધ છે. આવા સંજોગોમાં સાંજ ઢળતા જ સેકટરમાં અંધારપટ્ટ છવાઈ જાય છે. સે-૮ માં પણ છેલ્લા ચાર દિવસથી લાઈટો બંધ છે. જેના લીધે વરસાદી વાતાવરણમાં અંધારુ છવાઈ જતા સ્થાનિકોમાં ભયની લાગણી વ્યાપી છે. સ્ટ્રીટ લાઈટ જગમગતી કરવા માટે સ્થાનિક નાગરિકો દ્વારા અનેકવાર તંત્ર સમક્ષ રજુઆત કરવામાં આવી છે.

આમછતા હજુ સુધી કોઈ એકશન લેવાયા નથી. સેકટરોમાં વરસાદી પાણીના નિકાલની લાઈનના કામ વચ્ચે વારંવાર લાઈટો ડુલ થઈ જાય છે.આવા સંજોગોમાં માર્ગ પર જોખમી સ્થિતિ વચ્ચે લાઈટો પણ બંધ હોવાથી નાગરિકોએ ડગલે ને પગલે હાલાકી વેઠવાનો વારો આવે છે. શહેરના સે-૩ના રીંગ રોડ તેમજ સે-૮ માં મોટાભાગની લાઈટો બંધ છે ત્યારે ત્વરિત આ લાઈટો શરૂ કરવા માટે પણ સ્થાનિકોએ રજુઆત કરી છે. લાઈટો ડુલ હોવાના લીધે નાગરિકોને તસ્કરીનો ભય પણ સતાવી રહ્યો છે.

## ખૂણેખાંચરેથી

- નાયબ જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી મનીષાબેન પટેલનો આજે જન્મ દિવસ હોવાથી પંચાયતના કર્મયોગીઓએ કેક લાવી અને જન્મદિવસની ઉજવણી કરી હતી.
- નાયબ ચિટનીસ ટુ ડી.ડી.ઓ.ની પરીક્ષા એક મહિનો પાછળ લઈ જવામાં આવી છે.
- અંબોડ ગ્રામ પંચાયતે નદીમાં ગણેશ વિસર્જન કરવા પર પ્રતિબંધ લાદતા હુકમો જારી કર્યા છે.
- ગાંધીનગર શહેરમાં પડેલા છુટા છવાયા ઝાપટાઓથી વાતાવરણમાં ઠંડક લાગતી હતી.
- ગાંધીનગર જિલ્લામાં સારા વરસાદ પછી હાલ ખરીફ પાકોની સ્થિતિ સારી હોવાનું જાણવા મળેલ છે.
- નાણાં વિભાગના અધિકારીઓ સાથે આજે રાજ્યના નાણાં વિભાગનો હવાલો ધરાવતા નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે મેરેથોન બેઠક કરી હતી.
- આજે મંગળવારનો દિવસ હોવા છતાં ધારાસભ્યોએ ગાંધીનગર આવવાનું ટાળ્યુ હતુ.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




સભાના અંતે એટલું યાદ રાખજો કે મોરને દાણા નાખવા નહીં અને ખાસ બીજુ કે કોઈ દાણા નાખે તો ચણવા જવું નહીં...!!

# ડભોડા-વડોદરા કોઝ-વેને બદલે ઓવરબ્રીજ બનાવવા માંગ

### ખારી નદીના ઘોડાપુરથી કોઝવે ધોવાતા ગ્રામજનો મુશ્કેલીમાં મુકાયા

ગાંધીનગર તાલુકાના ડભોડા-વડોદરા વચ્ચેથી પસાર થતી ખારી નદીમાં ઉપરવાસમાં થયેલા ભારે વરસાદને પગલે પાણી વડોદરા અને આસપાસના વિસ્તારમાં ફરી વળતાં ગ્રામજનોની મુશ્કેલીમાં વધારો થયો છે.

જિલ્લા પંચાયતના વડોદરાના સભ્ય દિનેશજી ઠાકોરે જણાવ્યુ છે કે આ માર્ગ પર આવેલ કોઝવેનું ધોવાણ થઈ ગયુ છે. અહિ ઓવરબ્રીજ બનાવવા માટે વાંરવાર રજુઆતો કરી છે એટલુ જ નહિ સરકાર દ્વારા તેનો સ્વીકાર સૈદ્ધાંતિક રીતે થયો છે. ગ્રામજનો સાથે ભેદભાવ અને અન્યાય સરકાર દ્વારા કરવામાં આવી રહ્યો હોવાથી લાગણી તીવ્ર હોવાનું જણાવતાં અહિ ગિફ્ટસીટીના વિકાસ માટે સરકાર બધુ કરે છે પણ ગ્રામ માટે જરૂરી પગલાં લેવામાં કેમ પાછીપાની કરવામાં આવી રહી છે તે સમજાતુ નથી. આજે કોઝવેનું ધોવાણ થતાં લોકોને સામાન્ય અવરજવરની પણ મુશ્કેલી ઉભી થઈ છે એટલુ જ નહિ ગ્રામ્ય વિસ્તારમાં પાણી ભરાતા રોગચાળાની સ્થિતિ ઉભી થાય તેવી સ્થિતિ ઉભી થઈ છે.

# ગાંધીનગર જિલ્લામાં પાંચ પીઆઈની આંતરીક બદલી

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાના આદેશથી પાંચ પોલીસ ઈન્સ્પેકટરની આંતરીક બદલી થઈ છે. જેમાં કલોલ શહેરના ફર્સ્ટ પીઆઈ કે.કે.દેસાઈને કલોલ તાલુકા પોલીસ સ્ટેશનમાં મુકવામાં આવ્યા છે. જયારે સાયબર ક્રાઈમ પોલીસ મથકથી પરત આવેલા જે.એ.પ્રજાપતિને કલોલ શહેરમાં મુકવામાં આવ્યા છે. તો બીજીતરફ દહેગામ પીઆઈ કે.આર.ડમરીને ગાંધીનગર સીપીઆઈ તરીકે મુકીને તેમની જગ્યાએ સેકટર-૭ પોલીસ સ્ટેશનના સેકન્ડ પીઆઈ જે.કે.રાઠોડને દહેગામ મુકાયા છે. કલોલ શહેરના પોલીસ મથકના સેકન્ડ પીઆઈ ઓ.બી.મજગુલને અડાલજ ખાતે બદલી કરાઈ છે. પીઆઈ ડીમરીને સીપીઆઈ તરીકે મુકાતા સે-૨૧ સેકન્ડ પીઆઈ એમ.બી.ભરવાડને સીપીઆઈના ચાર્જમાંથી મુકત કરાયા છે.



ગાંધીનગરમાં સતત છેલ્લા ત્રણ ચાર દિવસથી મેઘમહેર યથાવત છે. વરસાદીના લીધે શહેરના સેકટરોમાં પણ દુવિધાઓ સર્જાઈ છે. નગરના માર્ગોનુ પણ ધોવાણ થયુ છે. બીજીતરફ શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ફતેપુરા ગામમાં વરસાદી વાયરા વચ્ચે એક કાચુ મકાન ધરાશાયી થયુ છે. ફતપુરાના ઠાકોર વાસમાં રહેતા કેશાજી અમરાજી ઠાકોરનુ વર્ષો જુનુ કાચુ મકાન વરસાદના લીધે પાણી ઉતરવાથી જમીનદોસ્ત થતા પરિવારજનો મકાન વિહોણાં થઈ ગયા છે. કેશાજીના જણાંવ્યા મુજબ તેઓ વર્ષોથી આ કાચા મકાનમાં રહતા હતા જયારે વરસાદના લીધે માટીની કાચી દિવાલમાં પાણી ઉતરતા ગઈકાલે સાંજે અચાનક જ મકાન પડી ગયુ હતુ. જો કે આ વેળાએ ચુલા પર ભોજન બનાવતી ઘરની મહીલા અને બાળકો સહીત સૌ કોઈ સલામત રીતે ઘરની બહાર નિકળી જતો કોઈ જાનહાનિ કે ઈજા થઈ નથી હાલ વરસાદી દિવસોમાં માથે છત મેળવવા માટે અમરાજી અને તમનો પરિવાર અન્ય સંબંધીના મકાનમાં રહીને દિવસો ગુજારશે ત્યારે સરકારી તંત્રના કોઈ અધિકારી હજુ સુધી આ નિસહાય પરિવારની ખબર પુછવા સ્થળ પર પહોંચ્યા નથી.



ગાંધીનગર તાલુકાના રાંધેજા અને બાલવા માર્ગની હાલત એટલી બિસ્માર બની ગઈ છે કે તેના પર વાહનચાલકોની આકરી કસોટી તો થાય છે પણ ગ્રામજનોના કહેવા મુજબ સપ્તાહમાં બે થી ત્રણ અકસ્માત અને વાહનને નુકશાનનો હિસાબ અલગ. આ માર્ગને રિપેર કરવામાં તંત્ર પણ ખાલી થીંગડા મારી અને કામ થઈ ગયાનો સંતોષ લે છે પરંતુ વાસ્તવિકતા અલગ છે. લેવલીંગ સાથે ફિનીશીંગ ન થતુ હોવાથી ચોમાસામાં ઘણીવાર તો પાણી ભરાઈ જવાની ઘટના પણ હવે સામાન્ય બની રહી છે. ગાંધીનગરને અડીને આવેલ ગ્રામ્ય માર્ગની આ હાલત હોય તો રાજયના અંતરિયાળ વિસ્તારની શુ સ્થિતિ હશે. નિર્ણાયક સરકાર લાચો, સારો નિર્ણય કરી અને માર્ગ-નિર્માણ કરાવે તેવી સૌની માંગ છે.

# બોરીજના બ્રાહ્મણવાસ પાસે રોડ પર પડેલા મોટા ભૂવાથી સ્થાનિક રહીશો પરેશાન

### ભૂવામાં સ્થાનિક નાગરિકનું બાઈક પડી જવા છતાં ફાયર કે મનપાની કોઈ મદદ મળી નહી

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર મહાનગર પાલિકાના બોરીજ વિસ્તારમાં બ્રાહ્મણવાસ ખાતે રવિવારે રસ્તા વચ્ચે એક મોટો ભૂવો સર્જાયો હતો. જેમાં એક બાઈકસવારનું બાઈક ખાડામાં ગરકાવ થઈ જવા પામ્યું હતું. આ ઘટનાને પગલે સ્થાનિક નાગરિકોએ ૧૦૧ નંબર પર કોલ કરી ફાયરબ્રિગેડને બોલાવવા પ્રયાસ કર્યો પરંતુ તેમણે વિગતો સાંભળીને આવવાનો ઈન્કાર કરી દેતાં સ્થાનિક નાગરિકોએ જાતે જોખમ લઈને સળિયા તથા દોરડાની મદદથી બાઈકને મહા જહેમતે બહાર કાઢ્યું હતુ.

આ ભૂવો સતત પાણીના કારણે મોટો થતો જતો હતો તેથી આ વિસ્તારના સ્થાનિક રહીશોએ મ્યુનિસિપલ કોર્પોરેશન ઓફિસનો સંપર્ક સાધ્યો હતો પરંતુ વારંવાર ફોન કરવા છતાં મનપા તરફથી કોઈ સહાય પ્રાપ્ત થઈ નહોતી. છેવટે સ્થાનિક કોર્પોરેટર અને કેટલાક રહીશોએ સ્વખર્ચે લગભગ સાત ટ્રેક્ટર જેટલી માટી નંખાવી ખાડો પુરાવ્યો હતો પરંતુ બીજા દિવસ સુધી સતત ચાલુ રહેલા વરસાદને કારણે માટી બેસી જતા ફરી ખાડો સર્જાયો હતો. હવે આ ખાડાથી સ્થાનિક રહીશો પરેશાનીનો ભોગ બની રહ્યાં છે અને સત્વરે તેનો ઉકેલ આવે તેવી માંગ પ્રવર્તી રહી છે.

### ગટર કે સ્ટોમ વૉટર લાઈનમાં ભંગાણથી સર્જાયો ભૂવો

બોરીજના બ્રાહ્મણવાસ વિસ્તારમાં મુખ્ય માર્ગ પર જ ગટર કે સ્ટોર્મ વૉટર લાઈનમાં ભંગાણને કારણે આ મોટો ભુવો સર્જાયો છે અને આ સમસ્યા અંગે સ્થાનિકોએ વારંવાર ફોન કરવા છતાં અને રજૂઆત કરવા છતાં મનપાના વહીવટીતંત્ર તરફથી કોઈ મદદ પ્રાપ્ત થઈ રહી નથી જેના કારણે સ્થાનિકોમાં રોષની લાગણી જોવા મળી રહી છે.



### જુના સચિવાલય સંકુલમાં વૃક્ષ પડી જતા રોડ બ્લોક થયો

ગાંધીનગરમાં છેલ્લા એક સપ્તાહમાં ખૂબ સારો વરસાદ થવા પામ્યો છે અને ખાસ કરીને શનિ-રવિ-સોમ દરમિયાન નોંધપાત્ર વરસાદ નોંધાયો છે. સતત વરસાદી મૌસમમાં શહેરમાં કેટલેક ઠેકાણે ઝાડ પડવાની ઘટના નોંધાઈ છે જેમાં મંગળવારે પાટનગરના જીવરાજ મહેતા ભવન જુના સચિવાલય સંકુલમાં મીના બજાર તરફ જવાના માર્ગે એક બાવળનું વૃક્ષ પડી જવા પામ્યું હતું. આ વૃક્ષ માર્ગ વચ્ચે જ ધરાશયી થઈ જતાં આ તરફનો આખો રોડ બ્લોક થઈ જવા પામ્યો હતો. જો કે સદભાગ્યે આ વૃક્ષ પડવાને કારણે કોઈને ઈજા કે નુકશાન થયાના સમાચાર પ્રાપ્ત થયાં નથી.

# જમીન માપણીની સેવાને પણ ઓનલાઈન કરાઈ

### ગામ નમુના ૭ તથા ૮/અ જમા કરાવવામાંથી અરજદારને મુક્તિ : કૌશિક પટેલ દ્વારા જાહેરાત કરાઈ

ગાંધીનગર,તા.૨૫

મહેસૂલ વિભાગ અંતર્ગત આવતી જમીન માપણીની વિવિધ સેવાઓને ઓનલાઈન કરતાં મંત્રી કૌશિક પટેલે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી વિજય રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલના નેતૃત્વમાં સંવેદનશીલ રાજય સરકાર દ્વારા રાજયમાં ટેકનોલોજીના ઉપયોગ થકી પ્રજાને કર્મચારી સાથે સીધા સંપર્ક વિના સેવાઓ મેળવી શકે તે માટે મહેસૂલી સેવાઓને સરળ, ઝડપી અને ઓનલાઈન કરવાની કવાયતને આગળ ધપાવતાં ખૂબજ ટુંકા ગાળામાં ૨૧ જેટલી વિવિધ મહેસૂલી સેવાઓને ઓનલાઈન કરવામાં આવી છે. જે પૈકી મોટાભાગની સેવાઓનું ફેસલેસ પધ્ધતિથી અમલીકરણ થઈ રહ્યું છે ત્યારે આ પ્રકારની સેવાઓનો સીધો જ લાભ નાગરીકો મેળવી રહ્યાં છે. આવી જ વધુ એક સેવા જમીન માપણીની કામગીરીને ઓનલાઈન કરવાનો મુખ્યમંત્રી વિજય રૂપાણીના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારે પ્રજાલક્ષી નિર્ણય કર્યો છે.મંત્રી કૌશિક પટેલે આપતા જણાવ્યું કે, જમીનોની માપણી માટે આ અગાઉ અરજદારે જિલ્લા જમીન દફતર નિરીક્ષક કચેરીમાં અરજી કરવાની રહેતી હતી તેમજ માપણી ફી ચલણથી બેંકમાં ભરી કચેરીમાં રજૂ કરવાની થતી હતી. હવે, મહેસુલ વિભાગના આઈઓઆરએ પોર્ટલ પર જમીન માપણીની કામગીરી ઓનલાઈન કરવાથી અરજદારે માપણી માટેની અરજી દુનિયાના કોઈપણ ખુણેથી ઓનલાઈન કરી શકશે તેમજ સિસ્ટમ દ્વારા જ માપણી ફીની ગણતરી થશે અને માપણી ફી ઓનલાઈન ભરી શકશે. જેથી, અરજદારને કચેરીમાં રૂબરૂ જવામાંથી મુક્તિ મળશે જેને કારણે સમયની બચત થશે અને ઝડપી કામગીરી થશે. આ ઉપરાંત, સરકારી રેકર્ડ જેવા કે ગામ નમુના ૭ તથા ૮/અ ઓનલાઈન મેળવી લેવામાં આવે છે. આથી, અરજદારને ગામ નમુના ૭ તથા ૮/અ જમા કરાવવામાંથી પણ મુક્તિ મળેલ છે.માપણીની અરજીની સર્વેયરને ફાળવણી સીસ્ટમ દ્વારા સ્વયંસંચાલિત રીતે કરવામાં આવે છે. માપણીની નિયત કરેલ તારીખ તેમજ તબક્કાવાર કામગીરીની જાણ અરજદારને એસએમેસ/ઈમેઈલ દ્વારા સીસ્ટમ દ્વારા કરવામાં આવશે. અરજીની પ્રગતિ અરજદાર આઈઓઆરએ પોર્ટલ પરથી ટ્રેક કરી શકશે.



### ગણપતિ બાપ્પાને ૧૦૦૮ લાડુનો થાળ ધરાવાયો

'જય ગણેશ જય ગણેશ દેવા... લડુઅન કા ભોગ લગે, સંત કરે સેવા' આ પંકતિઓ શહેરના અનેક શ્રધ્ધાળુઓના ઘરમાં અત્યારે ગૂંજી રહી છે કેમ કે ગણેશોત્સવના દિવસો ચાલી રહ્યા છે અને જે શ્રધ્ધાળુઓએ ઘરમાં ગણેશજીની સ્થાપના કરી છે તેઓ પંકિતઓ ગાઈને આરતી ઉતારતા હોય છે. ગાંધીનગરના સરગાસણ ચાર રસ્તા વિસ્તારના પારિજાત હોમ્સ ખાતે રહેતા રાજેશ ભીખાભાઈ પટેલના નિવાસસ્થાને પણ ગણપતિજીનું સ્થાપન કરવામાં આવ્યું છે.


